ક્રમાંક:-મઉમશબ/માધ્યમિક/જુલાઇ-2021/ 1112
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
માધ્યમિક વિભાગ,
સેકટર-10-બી, ગાંધીનગર.
તા.06/07/2021

પ્રતિ,

(1) આચાર્યશ્રીઓ,
રજિસ્ટર્ડ માધ્યમિક શાળાઓ (તમામ),
ગુજરાત રાજય.

(2) પ્રધાનાચાર્યશ્રીઓ,
સંસ્કૃત પાઠશાળાઓ (પ્રથમા) તમામ,
ગુજરાત રાજય.

<u>વિષય:-</u> વર્ષ-2021માં લેવાનાર ધો.10 એસ.એસ.સી. પરીક્ષાના નિયમિત સિવાયના (રીપિટર, પ્રાઇવેટ રેગ્યુલર અને પૃથ્થક) ઉમેદવારોની પ્રવેશિકા/ફી રસીદ (Hall Ticket) ડાઉનલોડ કરવા બાબતની સૂચનાઓ.

મહાશય,

જયભારત સાથે જણાવવાનું કે, જુલાઇ-2021ની ધો.10ની એસ.એસ.સી. પરીક્ષામાં ઉપસ્થિત થનાર નિયમિત સિવાયના (રીપિટર, પૃથ્થક, ખાનગી) ઉમેદવારોની **Hall Ticket** (પ્રવેશિકા)ની ઓનલાઇન પ્રિન્ટ શાળાના આચાર્યશ્રીઓ દ્વારા બોર્ડની વેબસાઇટ **ssc.gsebht.in** અથવા **gsebht.in** અથવા **gesb.org** પરથી ડાઉનલોડ કરી શકાશે. હૉલટીકીટની પ્રિન્ટ મેળવ્યા બાદ આગળની જરૂરી કાર્યવાહી અર્થે આ પરિપત્રમાં આપેલ નીચેની સૂચનાઓનો અભ્યાસ કરી લેવાનો રહેશે.

❖ <u>1. પ્રવેશપત્ર/ફી રસીદ (**Hall Ticket**) અંગે સૂચનાઓ:-</u>

1. જુલાઇ-2021ની પરીક્ષાના રીપિટર, પૃથ્થક, ખાનગી ઉમેદવારોની ફોટાવાળી પ્રવેશિકા ઓનલાઇન આપવામાં આવે છે. જે શાળામાંથી આવેદનપત્ર ભરાયેલ હોય તે શાળાના આચાર્યશ્રીએ ઉમેદવારનો ફોટો ચકાસી ફોટા ઉપર સહી કરી પ્રમાણિત કરી ઉમેદવારને પ્રવેશિકા સુપરત કરવાની રહેશે. આચાર્યશ્રીના સહી સિક્કા વગરની પ્રિન્ટઆઉટ પરીક્ષા માટે માન્ય ગણાશે નહીં.
2. હૉલટીકીટની ઓનલાઇન કાઢેલ પ્રિન્ટઆઉટ પર ઉમેદવારોનો ફોટો બ્લેક એન્ડ વ્હાઇટમાં છપાયેલ હશે. તે ઉપરાંત પ્રિન્ટઆઉટના નીચેના ભાગ પર આપેલ ચોરસ ખાનામાં ઉમેદવારનો ફોટો લગાડી આચાર્યશ્રીના સહી-સિક્કા કરવાના રહેશે. (ઉમેદવારે આવેદનપત્ર ભર્યા અગાઉ આપેલ તેનો ફોટો શાળાના રેકર્ડ પર હશે જ.)
3. જે ઉમેદવારની પ્રવેશિકામાં ઉમેદવારનો ફોટો ન હોય તે અને એક ઉમેદવારને બદલે અન્ય ઉમેદવારનો એટલે કે બીજા ઉમેદવારના ફોટાવાળી પ્રવેશિકા મળેલ હોય તેવા કિસ્સામાં શાળાના આચાર્યશ્રીએ જે-તે ઉમેદવારનો સાચો ફોટો મેળવી, પ્રવેશિકામાં ફોટો ચોંટાડીને પ્રમાણિત કરી આપવાની રહેશે અને તે ઉમેદવારના ઓનલાઇન ભરેલા આવેદનપત્રની ઝેરોક્ષ નકલ પણ સાથે રાખવાની રહેશે. જેથી ખંડનિરીક્ષક સાચા વિદ્યાર્થીની ઓળખ કરી શકે. (બોર્ડની ગાંધીનગર કચેરીમાં આવવાનું નથી.)

4. પરીક્ષાની પ્રવેશિકામાં બોર્ડ દ્વારા ફાળવેલ કેન્દ્ર સિવાય અન્ય પરીક્ષા કેન્દ્ર આવેલ હોય તો શાળાના તમામ ઉમેદવારોની અસલ પ્રવેશિકા સહિત કેન્દ્રમાં સુધારો કરવા બોર્ડની ગાંધીનગર ખાતેની માધ્યમિક કચેરીનો તાત્કાલિક રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. આ કિસ્સામાં ઉમેદવારની બેઠક વ્યવસ્થા બદલાતી હોઇ પરીક્ષાના બ્લોક નંબર / બિલ્ડીંગ વ્યવસ્થાની પણ ફાળવણી કરવાની આવશ્યકતા હોય છે તેથી સુધારા માટે વ્યક્તિએ સંબધિત આધારો સાથે આવવાનું રહેશે. (ઘણા જિલ્લામાં કેન્દ્રો મર્જ થયેલ છે તે બાબતે જે-તે ઝોનલ અધિકારીશ્રીનો સંપર્ક કરવો.)
5. જો કોઇ પરીક્ષાર્થીને બેઠક નંબર ફળવાયેલ ન હોય તો તેવા સંજોગોમાં પરીક્ષાર્થીના ઓનલાઇન ભરેલ ફોર્મની પ્રિન્ટ આઉટ સાથે તાત્કાલિક રૂબરૂમાં બોર્ડની માધ્યમિક શાખાનો સંપર્ક કરવો જેથી તેના આધારે જે-તે કેન્દ્રમાં બેઠક નંબર ફાળવી આપવાની વ્યવસ્થા કરવામાં આવશે. જો કોઇ પરીક્ષાર્થી ખોટી રીતે કામચલાઉ નંબરથી કોઇ પણ કેન્દ્ર પરથી પરીક્ષામાં બેસશે તો તેમનું પરીણામ અનામત રાખવામાં આવશે કે રદ કરવામાં આવશે. (ભરેલ ફોર્મની પ્રિન્ટ આઉટ વગર કોઇ રજૂઆત ધ્યાને લેવાશે નહીં.)
6. પ્રવેશિકામાં (હોલટિકીટ) પરીક્ષાના વિષયો બે વિભાગમાં દર્શાવવામાં આવે છે. જેનો પ્રથમ વિભાગ બોર્ડ કક્ષાએ લેવાતા વિષયો દર્શાવે છે જેની પરીક્ષા ઉમેદવારે આપવાની છે જ્યારે પ્રવેશિકા (હોલટિકીટ)નો બીજો વિભાગ શાળા કક્ષાએ લેવાતી પરીક્ષાના વિષયો દર્શાવે છે. શાળા કક્ષાએ વિભાગ-2ના વિષયોની લેવાયેલ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષામાં વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા બદલની જે-તે વિષય શિક્ષકની સહી કર્યા બાદ પ્રવેશિકા વિદ્યાર્થીઓને આપવાની રહેશે. ઉમેદવારોના ઓનલાઇન ભરેલ ગુણની પ્રિન્ટ અચૂક કાઢી લઇ શાળાના રેકર્ડમાં રાખવી. જ્યારે બોર્ડને જરૂર જણાય ત્યારે તે નકલ રજૂ કરવાની રહેશે.
7. ઉમેદવારના અટક / નામ / પિતાના નામ કે જન્મ તારીખમાં સુધારો કરવાનો થતો હોય તો તેવા ઉમેદવારની પ્રવેશિકાની પ્રમાણિત ઝેરોક્ષ નકલમાં શાળાએ લાલ પેનથી જે-તે સુધારો દર્શાવી તા:-20/07/2021 સુધીમાં બોર્ડની કચેરીમાં ટપાલ દ્વારા મળી રહે તે રીતે મોકલી આપવાની રહેશે. (આ માટે બોર્ડની કચેરીમાં રૂબરૂ આવવાની જરૂર નથી.)
8. કોઇ ઉમેદવારની એક જ નંબરની બે પ્રવેશિકાઓ મળેલ હોય તો એક નકલ પર લાલ પેનથી ડુપ્લિકેટ લખી એક અસલ પ્રવેશિકા પરત બોર્ડની કચેરી ખાતે પરત કરવી.
9. જો એક ઉમેદવારને બે અલગ બેઠક નંબરવાળી પ્રવેશિકાઓ મળેલ હોય તો બે પૈકી કોઇપણ એક પ્રવેશિકા ઉમેદવારને સુપરત કરવી અને તે સિવાયની બીજી (અન્ય નંબર વાળી) પ્રવેશિકા રદ કરી લાલ પેનથી "(કેન્સલ)" લખી બોર્ડની કચેરીમાં પરત કરવાની રહેશે.
10. આ વર્ષે ખાનગી નિયમિત (Private Regular) ઉમેદવાર તરીકે નોંધાયેલ ઉમેદવારોએ જે માધ્યમિક શાળામાંથી ઓનલાઇન આવેદનપત્ર ભરેલ હોય તે શાળા દ્વારા શાળા કક્ષાના વિષય જેમાં સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પાસું ધરાવતા વિષયની પરીક્ષા લેવાની રહેશે અને તેમાં મેળવેલ ગુણ બોર્ડની વેબસાઇટ પર સૂચના મુજબ દર્શાવવાના રહેશે. જેની અલગથી અખબારી યાદીથી જાણ કરવામાં આવશે.
11. (આઇસોલેટેડ) ઉમેદવાર તરીકે શાળા કક્ષાનો વિષય લઇને આવેદનપત્ર ભરનાર ઉમેદવારોના કિસ્સામાં શાળાએ તેની કક્ષાએથી સૈધ્ધાંતિક અને પ્રાયોગિક વિષયોમાં પરીક્ષા લઇને ગુણને બોર્ડની સૂચના મુજબ ઓનલાઇન દર્શાવવાના રહેશે. જેની અલગથી અખબારી યાદીથી જાણ કરવામાં આવશે.

12. ખાનગી રેગ્યુલર ઉમેદવાર તથા શાળા કક્ષાનો વિષય લઇ પૃથ્થક ઉમેદવાર તરીકે નોંધાયેલ ઉમેદવારની સૈધ્ધાંતિક તથા પ્રાયોગિક પરીક્ષા શાળા કક્ષાએ પ્રશ્નપત્ર તૈયાર કરી કોવિડ-19ની ગાઇડલાઇનનું સંપૂર્ણ પાલન થાય તે રીતે આયોજન કરીને લેવાની રહેશે જેના ગુણ બોર્ડની વેબસાઇટ પર સૂચના મુજબ અપલોડ કરવાના રહેશે.

## (2) "રીપીટર ઉમેદવારો માટેની સૂચના"

(2.1) જો રીપીટર ઉમેદવારોની પ્રવેશિકામાં જો કોઇ વિષયમાં ખોટું **Exemption** આવ્યું હોય અને તે વિષયની પરીક્ષા આપવાની થતી હોય તો તે ઉમેદવારની પ્રવેશિકાની પ્રમાણિત નકલમાં લાલ પેનથી સુધારો કરી અગાઉના વર્ષના ગુણપત્રકની ઝેરોક્ષ નકલ સાથે રાખી રૂબરૂમાં ગાંધીનગર કચેરીમાં આવવાનું રહેશે. (આ સૂચના ખાનગી રીપીટર ઉમેદવારને પણ લાગુ પડે છે.)

(2.2) વિદ્યાર્થીના વિષયમાં **offered to Exemption** (મુક્તિ) કરવાનું એટલે કે પરીક્ષા આપવાની થતી ન હોય તેવા કિસ્સામાં ઉમેદવારની અગાઉની પરીક્ષાની માર્કશીટની પ્રમાણિત ઝેરોક્ષ નકલ જોડી ટપાલ દ્વારા ગાંધીનગર કચેરીને મોકલી આપવું. (માધ્યમિક શાખા)

(2.3) <u>પ્રવેશપત્ર/ફી-રસીદમાં નીચે મુજબની ભૂલ હોય તો શાળાને પ્રવેશપત્રો મળ્યા બાદ કચેરી કામકાજના સમયે કચેરીમાં રૂબરૂ સંપર્ક કરવો.</u>

1. પ્રવેશપત્ર/ફી-રસીદ બરાબર છપાયેલ ન હોય.
2. વિદ્યાર્થીની જવાબની ભાષામાં ભૂલ હોય (બોર્ડ કક્ષાના વિષયો માટે).
3. વિદ્યાર્થીના વિષયમાં ભૂલ હોય અથવા તે વિષય બદલાયેલ હોય કે બદલવાનો હોય (બોર્ડ કક્ષાના વિષયો હોય તો)
4. મુક્તિ **Exemption to offered** (વિષયની પરીક્ષા આપવાની થતી હોય) બોર્ડ કક્ષાના વિષયો હોય તો
5. વિદ્યાર્થી વિકલાંગ (DISABLED) હોય અને (NORMAL) સામાન્ય દર્શાવેલ અથવા NORMAL હોય અને DISABLED દર્શાવેલ હોય તો પ્રમાણપત્ર સાથે લાવવાના રહેશે.

(2.4) <u>ઉપર જણાવેલ સંજોગો કે પ્રવેશપત્ર/ફી-રસીદ ન મળ્યાના કિસ્સામાં</u>

a. ઓનલાઇન ભરેલ ઉમેદવારના ફોટાવાળા ફોર્મની પ્રમાણિત નકલ
b. ફી ભર્યાના ચલણની નકલ
c. શાળાના વિદ્યાર્થીઓની યાદીની નકલ

વગેરે દસ્તાવેજો લઇને તા:-10/07/2021 સુધીમાં બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીએ ઉમેદવારના 01 પાસપોર્ટ સાઇઝના ફોટા સાથે આવવાનું રહેશે.

(3) <u>પ્રવેશપત્ર / ફી-રસીદમાં નીચે પ્રમાણેની ભૂલ જણાય તો બોર્ડની કચેરીનો રૂબરૂ સંપર્ક કરવાને બદલે શાળામાંથી જ જે-તે ઉમેદવારની હોલટીકીટની પ્રમાણિત નકલમાં જ લાલપેનથી સુધારા કરીને તા:- 15/07/2021 સુધી ટપાલ દ્વારા આ કચેરીને જાણ કરવી, પરંતુ આ માટે રૂબરૂ બોર્ડની કચેરીમાં આવવાની જરૂર રહેતી નથી.</u>

3.1 વિદ્યાર્થીની સહી ઝાંખી દેખાતી હોય તો આચાર્યશ્રી સમક્ષ સહી કરી ત્યારબાદ ફોટો પ્રમાણિત કરવો.

3.2 વિદ્યાર્થીની પ્રવેશિકામાં અટક / નામ/ પિતાનું નામ, જન્મતારીખમાં ભૂલ હોય તો લાલ પેનથી સુધારો કરી તા:- 15/07/2021 સુધી ટપાલ દ્વારા મોકલી આપશો.

3.3. વિદ્યાર્થીના વિષયમાં offered to Exemption (મુક્તિ) કરવાનું એટલે કે પરીક્ષા આપવાની થતી ન હોય તેવા કિસ્સામાં ઉમેદવારની અગાઉની પરીક્ષાની માર્કસીટમાં પ્રમાણિત ઝેરોક્ષ નકલ જોડવી.

3.4 અન્ય કોઇ સામાન્ય ક્ષતિ હોય જે પરીક્ષામાં બાધારૂપ ન હોય તો

3.5 બિલ્ડીંગ કે બેઠક વ્યવસ્થા સંબંધી ક્ષતિ માટે સ્થળ સંચાલક કે ઝોનલ અધિકારીશ્રીનો સંપર્ક કરવો.

3.6 ફી-રસીદ ઉપર વિદ્યાર્થીનો ફોટો કે સહી ન હોય અથવા બદલાઇ ગયેલ હોય તો શાળા કક્ષાએ પ્રવેશિકામાં ફોટો ચોંટાડીને આચાર્યશ્રીએ સહી-સિક્કા કરી આપવા.

3.7 શાળા કક્ષાના વિષયમાં ફેરફાર થતો હોય તો (24 થી 69 વિષય કોડ) નંબરના વિષયમાં પત્રક-અમાં ગુણ ભરી ટપાલ દ્વારા ગાંધીનગર કચેરીએ તા:-15/07/2021 સુધી મોકલવાના રહેશે. બોર્ડની પરીક્ષા દરમ્યાન બોર્ડની કચેરીમાં રૂબરૂ આવવાની આવશ્યકતા નથી. (પત્રક-અ' નો નમૂનો સામેલ છે.)

<u>વિશેષ નોંધ</u>:-માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓએ ઉકત તમામ બાબતોની ચકાસણી કરીને ઉમેદવારોને પ્રવેશિકા(Hall Ticket) નું વિતરણ કરવાનું છે. વિતરણ કરતી વખતે Covid – 19 સંબંધિત આરોગ્ય વિભાગની તમામ સૂચનાઓનું પાલન કરવાનું છે. ઉમેદવાર પરીક્ષા સ્થળે પરીક્ષા આપવા જવાનો છે માટે તેને Covid – 19 સંબધિત આરોગ્ય વિષયક સૂચનાઓ અને હોલટીકીટ પાછળની સૂચનાઓનો અવશ્ય ખ્યાલ આપવાનો રહેશે. હોલટીકીટનું વિતરણ સમયસર થઈ જાય તે સુનિશ્ચિત કરશો. ઉમેદવારની પ્રવેશિકા પાછળની સૂચનાઓ પણ ઉમેદવારને પ્રિન્ટ કરી આપવી ફરજીયાત છે.

ડૉ. બી. એ. ચૌધરી
પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

<u>બિડાણ:-</u>

1. પત્રક-અ

<u>નોંધ:-</u> ધોરણ-10ની કોઇપણ બાબત માટે બોર્ડની ગાંધીનગર કચેરીના માધ્યમિક વિભાગનો સંપર્ક કરવાનો રહે છે.

<u>નકલ રવાના:-</u>

જિલ્લાશિક્ષણાધિકારીશ્રી (તમામ), ગુજરાત રાજય. તાબાની શાળાઓને જાણ કરવા સારૂં.

<u>સવિનય નકલ રવાના:-</u>

(1) માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.
(2) માનનીય સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.
(3) માનનીય ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.

D:\A.P\2021\CHAUDHARY SIR\EXAM PARIPATRA...DOCX

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## (એસ.એસ.સી. જુલાઇ-2021)

**"પત્રક-અ" (નમૂનો)**

ખાનગી રેગ્યુલર અને શાળા કક્ષાનો વિષય લઇને પૃથ્થક ઉમેદવારોના શાળાકીય ONLINEમાં આંતરિક મૂલ્યાંકનના ગુણ ભરી શકાયા ન હોય તો જ 'અ' પત્રક શાળાઓએ ભરવાનું છે.

શાળાનું નામ/સરનામું ....................................
......................................................................
......................................................................
......................................................................

શાળાનો એસ.એસ.સી. ઇન્ડેક્ષ નંબર

જાવક નંબર:- ..........................
તારીખ:- ..................................

સૈદ્ધાંતિક – પ્રાયોગિક અને શાળા કક્ષાએ લેવામાં આવેલ વિષયોની પરીક્ષાના ગુણ એસ.એસ.સી. પરીક્ષાનું વર્ષ : .................................. માસ ............................

અમારી શાળાના એસ.એસ.સી. પરીક્ષાના નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓના વિષય ફેરફારને કારણે ONLINE માં માર્ક ભરી શકાયા નથી. તેના ગુણ નીચે પ્રમાણે મોકલી આપવામાં આવે છે:

| ક્રમ (1) | ઉમેદવારનો બેઠક નંબર (2) | વિષયનું નામ અને કોડ નંબર (3) | 50 ગુણમાંથી પ્રાપ્ત કરેલ ગુણ (4) | શાળાકીય આંતરીક મૂલ્યાંકનના 20 ગુણમાંથી ગુણ (5) |
|---|---|---|---|---|
| | દા.ત., B-363836 | (40) સ્વા.શા.શિ. (થિયરી) | 30 | 20 |
| | | (64) સ્વા.શા.શિ. (પ્રાયો) | 35 | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

→ ઓનલાઇન ગુણ ભરી ન શક્યા બદલનું કારણ ટૂંકમાં જણાવવાનું રહેશે.

<u>નોંધ</u> :- ધો.10ના ઉમેદવારો માટે કોઠા ક્રમાંક 4 અને 5માં ગુણ ભરવાનાં રહેશે.
ધો.10ના ઉમેદવારો માટે કોઠા ક્રમાંક ફક્ત 4માં ગુણ ભરવાના રહેશે.

તારીખ:- ............................

આચાર્યશ્રીની સહી અને સિક્કો